### અરવલ્લી જિલ્લાના પોલીસવડા મયુર પાટીલના નામે

# દિવાળીના નામે રૂપિયા ખંખેરતો પોલીસ કોન્સ્ટેબલ કોણ ??

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં નવનિયુક્ત જિલ્લા પોલીસ અધિક્ષક શરૂ શરૂમાં એક પ્રામાણિક અને સ્વચ્છ છબી અને કડક અધિકારીની છાપને એક સ્પેશિયલ ગ્રુપમાં ફરજ બજાવતો એક કોન્સ્ટેબલ દ્વારા ડીએસપીના

નામે રૂપિયા પડાવતો હોવાની લોક ચર્ચા થઈ રહી છે ત્યારે હવે જાણે સ્થિતિ બદલાતી હોઈ તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. સબ સલામત વચ્ચે દારૂ જુગાર જેવી અનૈતિક પ્રવૃત્તિઓ જાણે માજા મૂકી હોઈ તેમ છાને છપને બધુજ શરૂ કરવા આ કોન્સ્ટેબલ છૂટ આપી છે અને જિલ્લા પોલીસ અધિક્ષકની આસપાસ પ્રામાણિક અને પોલીસ અધિક્ષકના વફાદારો હોય તેવા ડોળ કરી તેમને ચાડી ચપલાસીની કાન ભંભેરનીઓ કરીને ખોટી માહિતીઓ પહોંચાડી પોલીસ બેડાં માં અંદરો અંદર ગ્રુપો પડાવી પોલીસને બદનામ કરાવવાની રાજનીતિઓમાં કોઈ કસર કરી નથી ત્યારે શુ પોલીસ અધિક્ષક પ્રામાણિકની બદનામી કરવા કે તેમની જાણ છે કે કેમ કે પછી તેમની આડમાં તેમની આવા કોન્સ્ટેબલો રૂપિયા પડાવી રહ્યા છે જનતામાં તરેહ તરેહની ચર્ચાઓ જોર પકડયું છે. પોલીસ અધિક્ષકની પ્રામાણિકતા પર અનેક સવાલો ઉભા થયા છે અથવા તેમની જાણ બહાર આવા કાળા કરતૂતો ચાલી રહ્યા છે કે પછી આવા કોન્સ્ટેબલને રૂપિયાની ઉગરાણું કરવા કરવા છૂટો દોર આપ્યો છે તે હવે જિલ્લા પોલીસ અધિક્ષકના માટે એક તપાસનો વિષય છે. જોવું રહ્યું કેટલું સાચું અને કેટલું જૂઠ પણ હાલમાં આ સમગ્ર બાબતે જિલ્લાભરમાં ટોક ઓફ ધ ડિસ્ટ્રીક બન્યો છે.

# મોડાસાના ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર પરથી મેસેજ આવતા ખેડૂતો પહોંચ્યા

અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદીના છઠ્ઠા દિવસે પણ ખેડૂતોને અસમંજસ સર્જાઈ હતી. મેસેજ આવ્યા છતાં યાદીમાં નામ ન હોવાથી હાલત કફોડી બની હતી. મોડાસા નાફેડ કેન્દ્રનો રજીસ્ટ્રેશનનો મેસેજ આવ્યો પરંતુ યાદીમાં નામ ન હોવાથી ખેડૂતે ફરી હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. સરકારના ટેકાના ભાવે મગફળી ખરીદીની જાહેરાત માથાના દુખવા સમાન બની રહેતા ખેડૂતો મજબૂરી વશ ખુલ્લા બજારમાં મગફળી વેચી નુકશાન ભોગવી રહ્યા છે. બીજીબાનું ખેડૂતોની લાચારીનો લાભ વેપારીઓ ઉઠાવતા મણે ૧૫૦ થી ૨૦૦ રૂપિયા ઓછા આપી ખેડૂતોને લૂંટી રહ્યા છે.

રાજય સરકાર દ્વારા ૧ નવેમ્બરથી ટેકાના ભાવે મગફળી ખરીદીના રજીસ્ટ્રેશન કરાવી ૧૫ નવેમ્બરથી મગફળી ટેકાના ભાવે ખરીદવાનું શરૂ કર્યું હતું તે દિવસથી અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસે બારદાનના અભાવે ખરીદી થઈ શકી નહોતી પરંતુ તે પછીના દિવસોમાં તંત્ર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવા છતાં આજે છઠ્ઠા દિવસે પણ નાફેડની લાલીયાવાળી સામે આવી હતી. ખેડૂતો મગફળી લઈને આવામાં ખૂબ ઉદાસીનતા જોવા મળે છે સાથે સાથે રોજ બરોજ નવીનવી સમસ્યા સર્જાતા ખેડૂતોમાં ભારોભાર રોષ જોવા મળે છે. આજરોજ મોડાસા એપીએમસી ખાતે આવેલ માગફળી ખરીદ કેન્દ્રમાં ધનસુરા અને મોડાસાના ૨૫ ખેડૂતોના રજીસ્ટ્રેશન થયા હતા જેની સામે આજે માત્ર ૧૨ જ ટ્રેક્ટર મગફળી લઈને ખેડૂતો આવ્યા હતા ત્યારે અમુક ખેડૂતોને મેસેજ આવ્યા છતાં નાફેડની યાદીમાં અમૂકના નામ ન હોવાથી ખેડૂત વિચારતો રહી ગયો હતો. જોકે નાફેડના અધિકારી દ્વારા જે ખેડૂતોને મેસેજ આવ્યો હોય અને યાદીમાં નામ ના હોય એવા ખેડૂતોની પણ મગફળી ખરીદ લેવામાં આવશે તેવું જણાવ્યું હતું. ચાલુ વર્ષે ટેકાના ભાવે મગફળી ખરીદીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ખેડૂતો બારદાન હલકી ગુણવત્તાના હોવાનો પણ આક્ષેપ કરી રહ્યા છે. બારદાન ઉપર નાફેડનો કોઈ માર્કો ન હોવાનું જણાવી મોટું ચાલુ વર્ષે મોટું કૌભાંડ થશેનો પણ આક્ષેપ કરી રહ્યા છે. રાત્રીના બે વાગ્યાથી પોતાનું વાહન લઈ નાફેડ કેન્દ્ર પર આવ્યા હોવા છતાં સવારના ૧૧ વાગ્યા સુધી કેન્દ્રના શટલ ન ખુલતા તંત્રની ઢીલી નીતિ સામે ખેડૂત લાચાર હોવાનું જણાવ્યું હતું. આવનાર દિવસોમાં ખેડૂતોને હાલાકીનો સામનો ન કરવો પડે અને સરળતાથી ખેડૂત ટેકાના ભાવે ઉપજ કરેલ મગફળી વેચી શકે તે માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

## ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં ધામધૂમથી તુલસી વિવાહ યોજાયો

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં સોમવારના રોજ તુલસી વિવાહ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસગે ભગવાનની શોભાયાત્રામાં તથા લગ્ન વિધિમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. લાલજી ભગવાનના યજમાન તરીકે દરજી કાંતાબેન કાંતિભાઈ તથા તુલસીમાતાના યજમાન તરીકે પ્રજાપતિ દીનાબેન રાજેશકુમાર ધર્મલાભ લીધો હતો. તુલસીમાતાના કન્યાદાન અને દર્શનનો લાભ લઈ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ લગ્ન પ્રસંગ શાસ્ત્રોક્ત વિધિથી ચોવે હસમુખલાલ માણેકલાલે સંપન્ન કરાવી હતી. આ પ્રસંગને સફળ બનાવવા ગોપી મંડળની બહેનો અને પુજારીએ જહેમત ઉઠાવી હતી.

# ડીસામાં નકલી સ્ટીકર લગાવી છેતરપીંડીનો વધતો વ્યવહાર

ડીસા, તા. ૨૦

ડીસા શહેરમાં બ્રાન્ડેડ ચીજવસ્તુઓના સ્ટીકર ચિપકાવી નકલી ચીજવસ્તુઓનો ધિકતો વેપલો થઈ રહ્યો છે. તેમાંય તેલ મિલો દ્વારા અસલી કંપનીના બ્રાન્ડેડ લેબલો લગાવી ગંગુતેલીઓ સિફતપૂર્વક આવા નકલી માલનો જથ્થો માર્કેટમાં બેરોકટોક પધરાવી રહ્યા છે. આ બાબતે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ આરોગ્યતંત્ર જાણતુ હોવા છતાં અજાણ બનવાનો પ્રયત્ન કરી રહ્યાનું લોકો દ્વારા જણાવાઈ રહ્યું છે.

જાણીતી તેલ કંપનીના લેબલો તૈયાર કરી માસ્ટર માઈન્ડ ધરાવતા ગંગુતોલીઓના ફોલ્ડરીયાઓ દ્વારા સિફતપૂર્વક ડબ્બાઓમાં પેકિંગ કરી નકલી તેલ પધરાવી જન આરોગ્ય સાથે સરેઆમ ચેડાં કરાઈ રહ્યા છે. વધુમાં માલેતુજાર થવાની લાયમાં અને વિવિધ તંત્રના અધિકારીઓના મિલાપીપણા અને પત્રમપુષ્પમના જોરે લાખોપતિ કરોડીમલ બની ગયાનું પ્રજામાંથી જાણવા મળેલ છે.

નકલી તેલની આડમાં અસલી માર્કા લગાવી આવા નકલી તેલના ડબ્બાઓનું વિવિધ વાહનોમાં બેરોકટોક માર્કેટમાં તેમજ જિલ્લામાં વેચાણ તેમજ હેરફેર કરાતી હોવાનું લોકો જણાવી રહ્યા છે. આ બાબતે મિડીયાકર્મીઓ દ્વારા પૂછતાછ કરાતા ઉશ્કેરાઈ જઈ માલની હેરફેરનો કે તે અંગેના પાકા બિલો બતાવવાના બદલે ચિઠ્ઠીઓ દર્શાવી દાદાગીરી આચરાતી હોવાનું પણ જાણવા મળેલ છે. આવા ગંગુતેલીઓ સામે ફુડ વિભાગ અને આરોગ્યતંત્ર હમા વસુલી કરશે કે વાસ્તવિકતા દર્શાવી જન આરોગ્યને ધ્યાને લેશે ?

## મોડાસામાં શિયાળાની ફુલગુલાબી ઠંડીમાં મોર્નીંગ વોક માટે નીકળી પડતા નાગરિકો

શિયાળાની ફૂલગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ચુકયો છે, ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. મોડાસામાં ઠંડીથી બચવા માટે લોકો અત્યારે તાપણાનો સહારો લઈ રહ્યા છે. જિલ્લામાં દિવાળીના વેકેશન બાદ સ્કૂલો ખુલતા બાળકો પણ સ્કૂલમાં જવા માટે નીકળ્યા છે તેમને પણ ઠંડીનો અહેસાસ હોવાને કારણે ગરમ કપડાં પહેરીને જઈ રહ્યા છે. ખાસ કરીને શિયાળામાં લોકો કસરત દ્વારા શારીરિક ફિટનેશ જાળવવા મોડાસાના ઓધારી તળાવ પાસે નગરપાલિકાએ બનાવેલા ટ્રેક પર શહેરીજનો મોટી સંખ્યામાં મોર્નીંગ વોક અને કસરત માટે ઉમટી પડ્યા હતા અને શહેરના માર્ગોની બાજુમાં અને બગીચામાં મોટી સંખ્યામાં નગરજનો કસરતી દાવ કરતા નજરે પડ્યા હતા. અતિશય ગરમી, અસહ્ય ઉકળાટ અને બફારાથી ત્રાસેલા જિલ્લાવાસીઓ શિયાળાની મોસમ જામી રહી છે ત્યારે લોકો તેનો આનંદ ઉઠાવી રહ્યા છે.

# શામળાજી મંદિરમાં ધૂમધામપૂર્વક તુલસી વિવાહ યોજાયો : કાર્તિકી પૂર્ણિમાના મેળાનો પ્રારંભ

શામળાજી, તા. ૨૦

કારતક સુદ અગિયારસના દિવસે યાત્રાધામ શામળાજીમાં ભારે ધામધૂમથી તુલસી વિવાહ મહોત્સવ ઉજવાયો હતો. જેમાં હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. તુલસીવિવાહમાં શામળાજી મંદિર સહીત સમગ્ર પરિસરને અદ્‌ભુત રોશનીથી શણગારવામાં આવતા ઝગમગી ઉઠ્યુંહતું. તુલસી વિવાહ સાથે કાર્તિકી પૂર્ણિમાના ૫ દિવસીય મેળાનો પ્રારંભ થયો હતો. લોકમેળામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ભક્તોને તકલીફ ન અનુભવાય તે માટે વહીવટી તંત્ર અને પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવાની સાથે સજ્જ બન્યું હતું.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં તુલસી વિવાહ મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો. મંદિર ટ્રસ્ટ તરફથી તુલસી વિવાહ મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં ભગવાન વિષ્ણુ અને તુલસીજીના લગ્ન માટે કલાત્મક ચોરી બનાવવામાં આવી હતી. મંદિરને પણ અવનવી રોશનીથી શણગારવામાં આવ્યું છે. ભક્તો અને યજમાન તરુણ બારોટ દ્વારા ઠાકોરજીનો વાજતે ગાજતે

વરઘોડો કાઢવામાં આવ્યો હતો. શામળાજી નગરમાં ભગવાન વિષ્ણુનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. વરઘોડા બાદ હિન્દુ રીત રિવાજ મુજબ ભગવાનનું સુંદર સામૈયું કરવામાં આવ્યું અને ભગવાન વિષ્ણુના પ્રતીકને મંદિર પરિસરમાં બનાવેલ લગ્ન ચોરીમાં પધરાવવામાં આવ્યું. તુલસીજીને પણ સુંદર શણગાર કરવામાં આવ્યા. સોના ચાંદીના દાગીના અને બનારસી સાડી પહેરાવી લગ્ન ચોરીમાં વિવાહ વિધિ માટે પધરાવવામાં આવ્યા, જ્યાં ઉપસ્થિત વૌદીક ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર સહિત ભગવાન વિષ્ણુના તુલસીજી સાથે ભવ્ય લગ્ન કરાવવામાં આવ્યા. આમ ખૂબ ભાવ અને ભક્તિપૂર્વક ભગવાન શામળિયાના ધામમાં તુલસી વિવાહનો મનોરથ ઉજવવામાં આવ્યો. સમગ્ર તુલસી વિવાહ મનોરથના યજમાને પણ આજે ભગવાન વિષ્ણુ અને તુલસીજીના લગ્નના યજમાન તરુણ બારોટ તેમજ તેમનો પરિવાર અને મિત્રો યજમાન બનવા માટે અનન્ય લાવો મળ્યો અને ધન્યતા અનુભવી હતી.

# ધાનેરા પ્રાંત અધિકારી અને જિલ્લા કલેક્ટર 'એક નજર ઈધર ભી'

### અધિકારીઓ સામે નટુ સુથારની ધાક : લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર પકડવા ગયેલા અધિકારીઓ સાથે પણ ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ટ્રેક્ટર લઇ ભાગી ગયો હતો

ધાનેરાના અનેક વિસ્તાર લીલા લાકડાનો કાળો કારોબાર ચાલી રહ્યો છે અને દરરોજના અસંખ્ય વૃક્ષોનું ખુલ્લેઆમ કતલ થઈ રહ્યું છે ત્યારે આ જોઈ ધાનેરા પર્યાવરણપ્રેમીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે આ બાબતે તંત્ર જાગે અને કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે. તો બીજી તરફ ફાટીને ધુમાડે ગયેલો નટુ સુથાર લોકોને જણાવી રહ્યો છે કોઈ અધિકારીની તાકાત નથી કે મારુ ટ્રેક્ટર પકડવાની. આ બાબતની ધાનેરાના સ્થાનિક તંત્રને જાણ હોવા છતાં પણ કોઈ જ કાર્યવાહી ન થતા લોકોમાં ભારે નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે અને ધાનેરાના લોકો સ્થાનિક તંત્ર ઉપર શંકાની સોય સેવી રહ્યા છે અને આ લીલા લાકડા ભરેલા ટ્રેક્ટરના નંબર પણ કાઢી લેવામાં આવે છે ત્યારે આ બાબતની પણ જો તંત્ર તપાસ કરે તો મોટું કૌભાંડ બહાર આવવાની શંકાઓ સેવાઈ રહી છે ત્યારે ફાટીને ધુમાડે ગયેલો નટુ સુથાર બજારમાં લોકોને જણાવી રહ્યો છે કે અમારી સામે કોઈને કાર્યવાહી કરવાની તાકાત નથી અને જેને જે ઉખાડવું હોય તે ઉખાડી લે મારો ધંધો આજે પણ ચાલુ છે અને કાલે પણ ચાલુ રહેશે.

થોડા દિવસ અગાઉ ધાનેરામાં મામલતદારની ટીમ સક્રિય બની હતી અને ૮ કરતા પણ વધુ લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ ધાનેરાના મામા બાપજી મંદિર પાસે એક લીલા લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપ્યું હતું અને તે ટ્રેક્ટર પકડતા નટુ સુથાર ઉશ્કેરાયો હતો અને અધિકારીઓ સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ટ્રેક્ટર લઈ ફરાર થઈ ગયો હતો અને અધિકારીઓને જોઈ લેવાની ધમકી પણ આપી હતી ત્યારે અધિકારીઓએ પીછો કરી ટ્રેક્ટર ધાનેરાના રહેણાંક વિસ્તારમાંથી ઝડપી પાડ્યું હતું. ત્યારપછી આ નટુ સુથાર દ્વારા એડી ચોંટીનું જોર લગાવી તેનું ટ્રેક્ટર છોડાવી લીધું હતું. ત્યારબાદ ધાનેરાનું સ્થાનિક તંત્ર જાણે ડરી ગયું હોય તેમ ચુપચાપ બેસી ગયું અને આજ દિવસ સુધી નટુ સુથાર સામે કે લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર સામે કોઈ જ કાર્યવાહી ન કરતા નટુ સુથાર ગામમાં બડાશ મારી રહ્યો છે કે હવે હું પણ જોઉં છું કે મારુ ટ્રેક્ટર કોણ પકડે છે. ત્યારે હવે જોવાનું એ રહે છે પ્રાંત અધિકારી અને જિલ્લા કલેક્ટર સહીત ધાનેરા સ્થાનિક અધિકારીઓ કાયદાના ધજીયા ઉડાવનાર નટુ સુથાર સામે પગલાં ભારે છે કે પછી તેના રોફથી દબાઈ જાય છે તે તો સમય જ બતાવશે ?

# કાંકરેજ તાલુકાના શિહોરી માનપુર નેશનલ હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલ ટ્રક પકડાઈ

થરા શિહોરી હાઈવે રોડ ઉપર માનપુર પુલ પાસેથી પસાર થઈ રહેલી ટ્રકમાંથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડતા દિયોદર ડી.વાય.એસ.પી. અને થરા પીએસઆઈ એ કે. ભરવાડનું સયુંકત ઓપરેશન. મોટી માત્રામાં જુદીજુદી બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓ પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જેથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. વિદેશી દારૂની પેટીઓ ટ્રકમાં ભરી શિહોરીથી થરા તરફ જતાં પોલીસે બાતમીના આધારે તપાસ કરતા રેતી કાંકરી નીચે દારૂ સંતાડેલ જેથી કરીને ગાડીના ચાલક સાથે શિહોરી પોલીસ સ્ટેશનમાં લાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઓફિસર ચોઈસ, રોયલ સ્ટેગ, બુલેટ બિયર જેવી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓ ઝડપી પાડી હતી. ગાડી ઉપર ટાડપત્રી ઢાંકી તેની નીચે કાંકરી અને તેની નીચે વિદેશી દારૂની પેટીઓ છુપાવી લઈ જતાં શિહોરી પોલીસ અને દિયોદર ડી.વાય.એસ.પી.ના માણસોએ પકડીને શિહોરી પોલીસ સ્ટેશન ખાતે

લાવી બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આરોપી રબારી લખારામ ગોદાભાઈ રહે. મનદારડી તાલુકો. રાણીવાડા રાજયસ્થા ગાડીનો ચાલક, વિષરોઈ સંજયકુમાર જયરામભાઈ રહે. સાતરું તાલુકો. રાણીવાડા ક્લીનર બંને રાજસ્થાન મુદ્દામાલ વિદેશી દારૂની પેટીઓ ૧૪૬ બોટલ ૪૮૪૮ કિંમત ૪.૮૪.૮૦૦ ગાડી કિંમત પલાખ મોબાઈલ બે કિંમત ૫૫૦૦ મળી કુલ કિંમત રૂ ૯.૯૦.૩૦૦ કબજે કરી વધું તપાસ હાથ ધરવામાં આવી છે. માલ ક્યાંથી લઈ કોને આપવાનો હતો તે અંગે વધુ તપાસ દિયોદર ડીવાયએસપી ચૌધરી ચલાવી રહ્યા છે.

### નવો પ્લાન્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે આ નવા પ્લાન્ટના આધારે આગામી દિવસોમાં જી ઇ બી સ્થિત થર્મલ પાવર સ્ટેશન તેમજ નગરના અન્ય ઉદ્યાનોને પણ પાણી સપ્લાય કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં કામ શરૂ પણ કરી દેવામાં આવશે.

### સમારકામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીના માર્ગ પર સફાઇ સહીત આસપાસની સુરક્ષા ગ્રીલની જાળવણી તેમજ કલરકામ અને માર્ગ સુધારણાના કામનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ માર્ગ પર રખડતા ઢોરના ત્રાસને અનુલક્ષીને અગાઉ મહાનુભાવોની અવરજવર દરમિયાન કોઇ અકસ્માત ન થાય તે માટે માર્ગ આસપાસ ગ્રીલ લગાવામાં આવી હતી. જયારે હાલ કેટલાક ઠેકાણે ગ્રીલ તુટીલી હાલતમાં જોવા મળી રહી છે. બીજીતરફ ગ્રીલ પરથી કલર પણ ઉડી ગયો છે. આ ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ રોડ ફર્નિચરને લગતી કામગીરી પણ હાથ ધરવામાં આવશે. વાઇબ્રન્ટ દરમિયાન આ માર્ગો પર વી વી આઇ પી મહાનુભાવોની વિશેષ અવરજવર રહે છે.આવા સંજોગોમાં આ માર્ગ પર સલાતમી વ્યવસ્થાના પરિબળોને અનુલક્ષીને પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. જયારે સફાઇ અને બ્યુટીફીકેશનની કામગીરી પણ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે.

### રડારમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં પ્રથમ વાર આજથી ઈ-મેમોની સામે ઓનલાઈન દંડ પણ ભરી શકાશે. આજથી ગાંધીનગરમાં જ પાર્સીગ થયેલા વાહનો જ નહીં સમગ્ર રાજ્યના કોઈ પણ શહેરના વાહનોને પણ આ ઈ-મેમો સિસ્ટમથી દંડ ફટકારવામાં આવશે. અગાઉ આરટીઓ સાથે રાજ્યવ્યાપી ઓનલાઈન જોડાણની સુવિધા નહીં હોવાથી ગાંધીનગર-જીજે-૧૮ પાર્સીગ સિવાયના વાહનચાલકો બચી જઈ બિનધાસ્ત રહેતા હતા. નવી શરૂઆતમાં હવે વાહનોના જૂના માલિકોને ઈ-મેમો નહીં મોકલવામાં આવે, પરંતુ આરટીઓમાં નોંધાયેલા છેલ્લા ઓનલાઈન રેકોર્ડ પ્રમાણેના વાહનચાલકોને જ ઈ-મેમો ફટકારવામાં આવશે. અત્યાર સુધી બહારગામના વાહનચાલકોને સેકટર-૨૨માં આવેલી ટ્રાફિક પોલીસની કચેરીએ આવીને દંડ ભરવો પડતો હતો, જે હવે ઓનલાઈન ભરી શકાશે. પરંતુ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આ ઈ-મેમો માત્ર ને માત્ર સામાન્ય લોકો માટે જ હોય તેવી રીતની કામગીરી કરાઈ છે.

ગાંધીનગરના ચ-ઝીરો સર્કલ લઈને પ્રધાન નિવાસ જવાના માર્ગ પર એક પણ સીસીટીવી કેમેરા લગાવાયા નથી, જેથી આ માર્ગ પરથી પસાર થતા મુખ્યપ્રધાન સહિત પ્રધાનમંડળના વાહનોને તેમજ ઉચ્ચ અધિકારીઓને ક્યારેય ટ્રાફિકના નિયમભંગ બદલ સીસીટીવીની ચિંતા કરવી નહીં પડે, કેમ કે આ માર્ગ પર સીસીટીવી લગાવાયા જ નથી. અત્યાર સુધી અમદાવાદ અને ગાંધીનગરના ચાલકોને માત્ર મેમો અપાતો હતો ત્યારે હવે તમામ વાહનોને મેમો આપવામાં આવશે. દંડ ભરવા માટે ઓનલાઈન નેટ બેન્કિંગની પણ સુવિધા આપવામાં આવશે.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બહાર નિકળ્યા હતા. રાયપુર સીટ સાઉથની સીટ પર સૌથી વધારે ૪૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. તેમના ભાવિ હવે ઈવીએમમાં સીલ થયા છે. ૧૫ વર્ષથી સત્તામાં રહેલા ભાજપને ઉખાડી ફેંકવા માટે કોંગ્રેસ પાર્ટીએ તમામ તાકાત લગાવી દીધી હતી. મતગણતરી ૧૧મી ડિસેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે.

### કેજરીવાલ પર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સચિવાલયમાં મુખ્યમંત્રી ચેમ્બરની થોડી જ બહાર કોઈ અજાણ્યા માણસે આવીને મરચાંનો પાવડર નાંખી દીધો હતો. કેજરીવાલ તે વખતે લંચ લેવા જઈ રહ્યા હતાં. જણાવવામાં આવી રહ્યું છે કે અરવિંદ કેજરીવાલની આંખોમાં મરચાનો પાવડર ગયો છે જેના કારણે ઘણી બળતરા થઈ રહી છે. થોડી જ વારમાં આ અંગે કેજરીવાલ પ્રેસ કોન્ફરન્સ પણ સંબોધિત કરશે. દિલ્હી સીએમ પર જે વ્યક્તિએ મરચા પાવડર નાંખ્યો તેનું નામ અનિલ શર્મા છે. અનિલ નારાયણા દિલ્હીનો જ રહેવાસી છે. હાલ તેમને આઈપી સ્ટેટ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો છે.

### બ્લાસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયો હતો. પાયરિંગ ડિપોમાં થયેલા આ બ્લાસ્ટના સકંજામાં છ લોકો આવી ગયા હતા. એક ડઝનથી વધારે લોકો ઘાયલ પણ થયા છે. જુના વિસ્ફોટકોને ખસેડતી વેળા આ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ થયો ત્યારે સવારમાં શિફ્ટમાં કામ કરનાર લોકો હતા.

### ભારે નારાજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થવાના મામલે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. સોમવારના દિવસે સીબીઆઈના ડિરેક્ટર વર્માએ તેમના પર ભ્રષ્ટાચારના મુકવામાં આવેલા આરોપોને લઈને સીવીસીના રિપોર્ટ પર જવાબ રજૂ કર્યો હતો. વર્માનો જવાબ મિડિયામાં લીક થયા બાદ તેને લઈને કેટલાક રિપોર્ટ મિડિયામાં લીક થઈ ગયા હતા.

### શીખ વિરોધી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દોષિતોનો ગુનો ગંભીર પ્રકૃતિનો છે જેને એક ષડયંત્ર રચીને અંજામ આપવામાં આવ્યો હતો. આજ કારણે હત્યાના ગુના માટે તેમને વધુમાં વધુ ફાંસીની સજા આપવાની માંગ કરી હતી. બીજી બાજુ પીડિતાઓ તરફથી ઉપસ્થિત સિનિયર કાઉન્સિલ એચએસ ફુલ્કાએ પણ એસઆઈટીની માંગને સમર્થન આપ્યું હતું અને દલીલ કરી હતી કે, અદાલતના આદેશ પર માત્ર હિંસાગ્રસ્ત લોકોની જ નહી પરંતુ સમગ્ર દેશની નજર કેન્દ્રિત થઈ છે.